# પાલનપુરમાં પ્રેમ પ્રકરણમાં કોલેજીયન યુવકના અપહરણ બાદ હત્યા

**એફવાયબીએસસીમા ભણતા વિદ્યાર્થીનું અપહરણ કરી માર મારી ઝેરી દવા પીવડાવી નગ્ન કરી વીડિયો ઉતરાયો...**



પાલનપુર તા. ૧૯

પાલનપુરમાં એક કોલેજીયન યુવકનું પ્રેમપ્રકરણમાં અપહરણ કરી તેને ઢોર માર મારી હત્યા કરાઈ હોવાની ઘટના સામે આવી છે. ત્યારે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પાલનપુરના આદર્શ શૈક્ષણિક સંકુલમાં આવેલી કોલેજમાં આર્યન ભરતભાઈ મોદી નામનો વિદ્યાર્થી એફ.વાય.બી. એસ.સી.માં અભ્યાસ કરતો હતો. જેનું ગતરોજ કેટલાક લોકોએ અપહરણ કર્યુ હતું. બાદમાં અજ્ઞાત જગ્યાએ લઈ જઈ તેને ઢોર માર મારી ઝેરી દવા પીવડાવી છોડી મુકાયો હતો. જેનું પાલનપુરની ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

આ ઘટનાને પગલે મોદી સમાજમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા હતા.આ વિદ્યાર્થીનું પ્રેમ પ્રકરણમાં અપહરણ કરી માર મારી તેને નગ્ન કરી વિડિઓ પણ ઉતારવામાં આવ્યો હોવાના આક્ષેપો મૃતકના સ્વજનો કરી રહ્યા છે. જેમાં પોલીસની ઢીલી નીતિ સામે પણ મોદી સમાજના લોકોએ રોષ ઠાલવ્યો હતો.દરમિયાન, પોલીસ તપાસમાં પણ વિદ્યાર્થીની હત્યા પ્રેમ પ્રકરણમાં થઈ હોવાનું બહાર આવ્યું છે. ત્યારે પોલીસે ૪ ટિમો બનાવી આરોપીઓને ઝડપી લેવાના ચક્રો ગતિમાન કર્યા છે.

**જન્મદિને વધામણી**



શાલુ (રીમા) હરેશ કુમાર જોષી



તલોદ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ તલોદ અને હેલ્થ સુપર મલ્ટી સ્પેસિયલીટી હોસ્પિટલ અમદાવાદ ના તબીબો ના સહયોગ થી તલોદ યાર્ડ ના શેડ માં સર્વ રોગ નિદાન કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું જેનું ઉદઘાટન પ્રાંતિજ વિધાનસભા મત વિસ્તારના ધારાસભ્ય ગજેન્દ્ર સિંહ પરમાર, હિમતનગર ના ધારાસભ્ય વી ડી ઝાલા, સાબરકાંઠા બેંક ના ચેરમેન મહેશ ભાઈ પટેલ ગુજરાત પ્રદેશ ભાજપ કિસાન મોરચા ના પ્રમુખ હિતેશ ભાઈ પટેલ ની તલોદ તાલુકાના ભાજપ પ્રમુખ કલ્પેશ પટેલ એપી એમ સી ચેરમેન સંજય પટેલ દ્વારા દીપ પ્રાગટ્ય કરી ખુલ્લો મૂક્યો હતો

# ખેડબ્રહ્મામાં વ્યાજબી ભાવે કોલસો આપવાની લાલચ આપી ઈટવાડાના માલિક સાથે છેતરપીંડી

**સસ્તો કોલસો ખરીદવાની લાલચમાં રુ ૬૭ હજાર ગુમાવ્યા**

બાયડ, તા.૧૯

ખેડબ્રહ્મા તાલુકાના ચીખલી ગામે ઈંટવાડો ચલાવનારને વ્યાજબી ભાવે કોલસો આપવાની લાલચ આપી રાજસ્થાનના ઈસમે ફોન-પે દ્વારા રુ ૬૭ હજાર મેળવી લીધા પછી કોલસો ન મોકલી છેતરપીંડી આચરતાં પોલીસ ફરિયાદ થઈ છે. બનાવ અંગે ખેડબ્રહ્મા પોલીસે વિશ્વાસઘાત અને છેતરપીંડીનો ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

છેલ્લા કેટલાક સમયથી વેપારીઓ અને ગૃહ ઉદ્યોગના સંચાલકો સાથે છેતરપીંડી આચરતા ઠગોની માયાજાળ વધતી જઈ રહી છે. સસ્તી ચીજવસ્તુઓ આપવાના નામે છેતરપીંડીના કિસ્સા અવાર નવાર બહાર આવતા હોય છે. ખેડબ્રહ્મામાં તાલુકા શાળા નજીક રહેતા સતીષકુમાર કનુભાઈ પ્રજાપતિનો ચીખલા ગામે ઈંટવાડો આવેલો હોવાથી રાજસ્થાનના ભોપાલ ગંજ મહોલ્લા ભીલવાડામાં રહેતા હાર્દિક ઓમપ્રકાશ ચેચાણીએ તેમનો ટેલિફોનથી સંપર્ક સાધ્યો હતો અને પોતે કોલસાનો સપ્લાય હોવાથી વ્યાજબી ભાવે સારો માલ પૂરો પાડીશ તેમ કહી વિશ્વાસ કેળવી લીધો હતો અને સામા પક્ષે ઈંટવાડાના માલિકે પણ વ્યાજબી ભાવે કોલસો ખરીદવાની લ્હાયમાં ફોન-પે દ્વારા રુ ૬૭ હજારની રકમ ચૂકવી દીધી પરંતુ રાજસ્થાનના ઠગ ઈસમે કોલસો મોકલ્યો ન હતો અને વારંવાર કોલસો અથવા તો આપેલ રુપિયા પરત મોકલી આપવા માટે કહેવા છતાં રાજસ્થાનના ઈસમે હાથ ઉંચા કરી નાખ્યા હતા. વ્યાજબી ભાવે કોલસો મેળવવામાં પોતે છેતરાઈ ગયાનું જણાઈ આવતાં ઈંટવાડાના માલિકે આખરે પોલીસને ફરિયાદ આપી છે. બનાવ અંગે સતીષકુમાર પ્રજાપતિની ફરિયાદના આધારે ખેડબ્રહ્મા પોલીસે આરોપી હાર્દિક ચેચાણી (રહે.ચેચાણી ભવન, ભોપાલ ગંજ, ભીલવાડા-રાજસ્થાન) સામે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોડાસામાં સકલ બજાજ દ્વારા પ્લેટિના ૧૧૦ એબીએસ સેફટી ચેલેન્જ કાર્યક્રમ યોજતા ૧૫૦૦ જેટલા ગ્રાહકોએ ભાગ લીધો

મોડાસા તા.૧૯

મોડાસા શહેરના હજીરા વિસ્તારમાં આવેલ બજાજ કંપનીના ઓથોરાઈઝડ ડીલર સકલ બજાજ દ્વારા મોડાસા શહેરમાં પ્લેટિના ૧૧૦ એબીએસ (એન્ટી લોક બ્રેકીંગ સિસ્ટમ) ટેક્નોલોજી સાથેના સેફટી ચેલેન્જ કાર્યક્રમ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમને પીએસઆઈ તોમર અને આરટીઓ ઈન્સ્પેકટર ઓઝા દ્વારા ખુલ્લો મુકવામાં આવ્યો હતો જેમાં સલામતી સંદર્ભે જનજાગૃતિ પેપફલેટનું વીતરણ કરવામાં આવ્યું હતું કંપનીના રિજનલ મેનેજર પ્રદીપ શિવશંકરન અને એરિયા મેનેજર આશિષ મેહતા એ ઉદ્દઘાટન સમયે જણાવ્યું કે ટ્રાફિક સમસ્યાને કારણે ટુ-વહીલરમાં અસલામતીનો અનુભવ વારંવાર થતો હોય છે જેને કારણે ઘણી વાર ચાલકો ને દુર્ઘટના નો સામનો કરવો પડતો હોવાથી બજાજ કંપનીએ ગ્રાહકોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને પ્લેટિના ૧૧૦ માં એબીએસ ટેક્નોલોજી આપીને સલામતીના નવા યુગની શરૂઆત કરી છે. આ કાર્યક્રમ માં લગભગ ૧૫૦૦ જેટલા ગ્રાહકો એસેફટી ચેલેન્જ માં ભાગ લઈ એબીએસ ટેક્નોલોજી નો અનુભવ કર્યો હતો સકલ બજાજના માલિક રમણભાઈ પ્રજાપતિ અને વિજય ભાઈ શાહે જણાવ્યું કે અન્ય કંપની ની ૧૦૦ સીસી ની બાઈક કરતા અમારી પ્લેટિના અદ્યતન ટેક્નોલોજી ના ફીચર્સ જેવા કે એબીએસ ટેક્નોલોજી ની સાથે ડિજિટલ સ્પીડોમીટર, લાંબા નાઈટ્રોક્સ સસ્પેન્શન અને લાંબી ગાદીવાળી સીટ સાથે આવે છે, જેની પ્રારંભિક કિંમત ફક્ત ૭૨,૮૦૦ ( એક્સ શોરૂમ) રાખેલી છે આ કાર્યક્રમ માં મોડાસા બજાજ શોરૂમના પાર્ટનર કમલેશ ભાઈ પ્રજાપતિ અને રીપલભાઈ શાહ દ્વારા ફક્ત ૫૯૯૯/- ડાઉન પેમેન્ટ માં એક્સચેન્જની સુવિધા સાથે ૧૧ મોટરસાઈકલની ડીલેવરી આપવામાં આવી હતી તેમજ આ કાર્યક્રમમાં સર્વિસ કેમ્પ નું આયોજન કરવા માં આવ્યું જેમાં આશરે ૧૦૦ જેટલી બાઈક નું ફ્રી ચેક અપ કરવા માં આવ્યું હતું

# શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ બંદોબસ્તમાં ગેરહાજર રહેનાર ૩ પોલીસકર્મી સસ્પેન્ડ

પાલનપુર તા.૧૯

બનાસકાંઠાના અંબાજીમાં શક્તિપીઠની પરિક્રમા મહોત્સવમાં ગેરહાજર રહેનાર ત્રણ પોલીસ કર્મીઓ સામે જિલ્લા પોલીસ વડાએ લાલ આંખ કરી છે. જિલ્લા પોલીસ વડાએ ફરજ પ્રત્યે બેદરકારી દાખવનાર ૦૩ પોલીસકર્મીઓને સસ્પેન્ડ કરતા બનાસકાંઠા પોલીસ બેડામાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે. યાત્રાધામ અંબાજી ખાતે ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવનો ગતરોજ શુભારંભ થયો છે. જેમાં લાખો ભાવિક ભક્તો પરિક્રમામાં ઉમટી પડવાના છે. ત્યારે અંબાજી ખાતેના મહોત્સવના બંદોબસ્ત દરમિયાન ફરજ પર ગેરહાજર રહેનાર પોલીસ કર્મીઓની ગંભીરતાથી નોંધ લઈ જિલ્લા પોલીસવડા અક્ષયરાજ મકવાણાએ અમીરગઢના ૦૨ અને ડીસા રૂરલના ૦૧ મળી કુલ ૦૩ પોલીસકર્મીઓને સસ્પેન્ડ કરતા પોલીસ બેડામાં ચકચાર મચી જવા પામી છે. કોને કોને કરાયા સસ્પેન્ડ : (૧)નિયાઝખાન બાબલમિયાં, પોલીસ હેડ કોન્સ્ટેબલ અમીરગઢ પોલીસ સ્ટેશન. (૨)જયરાજસિંહ તેજમલસિંહ પોલીસ કોન્સ્ટેબલ અમીરગઢ પોલીસ સ્ટેશન. (૩)સુરેશકુમાર મફતપુરી પોલીસ હેડ કોન્સ્ટેબલ ડીસા રૂરલ પોલીસ સ્ટેશન.

**૪૪ હજાર હેક્ટર જમીનમાં બટાકાનું વાવેતર**

# સાબરકાંઠા, અરવલ્લીમાં સપ્તાહમાં નવા બટાકાની આવકથી કોલ્ડ સ્ટોરેજ ધમધમશે

**ખેતરોમાં બટાકા કાઢવાની કામગીરી જોરશોરથી તૈયારીઓ**

બાયડ, તા.૧૯

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં આ વખતે અનુકુળ ઠંડીના માહોલમાં ખેડૂતોએ કુલ- ૪૩,૦૯૯ હેક્ટર જમીનમાં બટાકાનું વાવેતર કર્યા પછી પાક તૈયાર થયો છે. આગામી એક સપ્તાહમાં નવા બટાકા કાઢવાની શરુઆત થશે જેના કારણે કોલ્ડ સ્ટોરેજો

ધમધમી ઉઠશે. અનુકુળ ઠંડીના માહોલને જોતાં આ વખતે બટાકાનું મબલખ ઉત્પાદન થવાની આશા ખેડૂતોએ રાખી છે. જિલ્લામાં બટાકાના ભાવમાં સીઝન દરમ્યાન વધ-ઘટ થતી હોવા છતાં કેટલાક ખેડૂતો માટે બટાકાની ખેતી મુખ્ય આધાર બની છે જેના કારણે શિયાળુ ખેતીમાં ખેડૂતો હંમેશાં ફળદ્રુપ જમીનમાં બટાકાનું વાવેતર કરતા હોય છે. સીઝન શરુ થાય એટલે ખેડૂતો પંજાબ સહિતના વિસ્તારોમાંથી કુફરી, પોખરાજ, લોકર, કચ્ચારુ સહિતના બટાકાની જાતનું બિયારણ લાવી ખેતરોમાં વાવેતર કરતા હોય છે. ખાસ કરીને સિંચાઈની સુવિધા ધરાવતા ખેડૂતો મહત્તમ બટાકાની ખેતી કરતા હોય છે. આ વખતે જિલ્લામાં ખેડૂતોએ ૪૪ હજાર હેક્ટર જમીનમાં બટાકાનું વાવેતર કર્યા પછી ઠંડીની અનુકુળ જમાવટ રહ્યા પછી ખેતરોમાં પાક તૈયાર થઈ ગયો છે. હાલ લગ્નસરાની સીઝન પૂરબહારમાં ચાલતી હોવાથી ખેડૂતોએ બટાકા કાઢવા માટે થોભો અને રાહ જુઓની નીતિ અપનાવી છે પરંતુ એક સપ્તાહ બાદ જિલ્લાના તમામ વિસ્તારોમાં બટાકા કાઢવાનો ધમધમાટ શરુ થવાનો છે. આ સાથે જિલ્લામાં ઘણા લાંબા સમયથી ઠપ્પ રહેલા કોલ્ડ સ્ટોરેજોમાં પણ બટાકાની ધીંગી આવક શરુ થઈ શકે છે. જિલ્લામાં બટાકાની નવી સીઝન નજીક આવતાં કોલ્ડ સ્ટોરેજના સંચાલકોએ પણ હવે કોલ્ડ સ્ટોરેજમાં સાફસફાઈ સહિતની કામગીરી શરુ કરી છે. છેલ્લા કેટલાક સમયથી બટાકાના ભાવમાં વધ-ઘટનો માહોલ રહેતો હોવા છતાં આ વખતે ભાવમાં તેજીની આશાએ ખેડૂતોએ વાવેતર કર્યા પછી પાક ઉત્પાદનમાં પણ મહત્તમ ફાયદો થવાની ધારણા છે.

**જિલ્લામાં બટાકાનું વાવેતર**

| જિલ્લો | વાવેતર (હેક્ટરમાં) |
| --- | --- |
| સાબરકાંઠા | ૨૪,૬૧ |
| અરવલ્લી | ૧૯,૨૩૮ |

**અસહ્ય ગરમીના કારણે બટાકાના પાક ઉપર સંકટ**

ખેડૂતો જણાવી રહ્યા છે કે સવારે ઠંડી અને બપોરે ગરમીના કારણે બટાકાના પાક ઉપર સંકટ ઉભું થયું છે. ખેડૂતો મોટાભાગે ૧૫ ફેબ્રુઆરીથી બટાકા કાઢવાની શરુઆત કરે છે પરંતુ જિલ્લામાં અત્યારે ૩૪ ડિગ્રીથી વધુ તાપમાનનો પારો પહોંચ્યો છે. જેથી ઠંડા પવનમાં ખેડૂતોને બટાકા કાઢવા પડે તેવી સ્થિતિ હવામાનના કારણે પ્રવર્તિ રહી છે.

# વડગામ તાલુકા પંચાયતની સામાન્ય સભામાં ટીડીઓ વિરુદ્ધ પ્રસ્તાવ રજૂ કરાતાં હડકંપ

**વિકાસના કામોમાં રૂકાવટના ગંભીર આક્ષેપો : ભાજપ કોંગ્રેસના સભ્યોએ સામૂહિક રજૂઆત કરી**

પાલનપુર તા.૧૯

વડગામ તાલુકા પંચાયતની ખાસ સામાન્ય સભા મંગળવારે પંચાયતના હોલમાં મળી હતી. જેમાં તાલુકા વિકાસ અધિકારીની કાર્યશૈલી સામે ઉપસ્થિત ભાજપ - કોંગ્રેસના સભ્યો દ્વારા એકીસુરે વિરોધ પ્રસ્તાવ રજૂ કરી તપાસ કરવા માંગ કરતા હડકંપ મચી ગયો હતો. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,જિલ્લા પંચાયત તેમજ તાલુકા પંચાયતની મુદત માર્ચમાં પૂર્ણ થતી હોઈ વડગામ તાલુકા પંચાયતની ખાસ સામાન્ય સભા બોલાવવામાં આવી હતી. જેમાં તાલુકા પંચાયતના પ્રમુખ પરથીભાઈ ગોળ , ધારાસભ્ય જીગ્નેશ મેવાણી , તાલુકા વિકાસ અધિકારી ભૌમિક ચૌધરી સહિત સત્તાપક્ષ , વિપક્ષ ના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. સામાન્ય સભામાં વિકાસ ના કામો ની ચર્ચા ની જગ્યા એ ભાજપ તેમજ કોંગ્રેસ ના સભ્યો નો એક સુર જોવા મળ્યો હતો. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ સામાન્ય સભામાં વડગામ તાલુકામાં તાલુકા વિકાસ અધિકારી ભૌમિક ચૌધરી ઉપર ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા હતા. જેમાં તાલુકા પંચાયત ડેલીગેટો દ્વારા તાલુકા વિકાસ અધિકારી દ્વારા જનપ્રતિનિધિઓના પત્રોના જવાબો ન આપવા , ઓફીસમાં સમયસર ન આવવું , ગરીબોને રાજ્ય સરકાર દ્વારા અપાતા મફત પ્લોટોની કામગીરી યોગ્ય રીતે ન કરવી, મોરિયા સહિતના ગામોમાં રાહતના પ્લોટો ખોટી રીતે આપ્યા, મનરેગા યોજનાના અમલીકરણને રોકી રાખવા સહિત કોટડી ગામની તપાસમાં ભીનું સંકેલતાં અરજદારને આત્મવિલોપન કરવા મજબૂર થવું પડ્યું હતું. દરમિયાન દબાણની કામગીરી બાબતે ચોક્કસ સમુદાયને ટાર્ગેટ બનાવવાના ગંભીર આક્ષેપો સભામાં કરાયા હતા. જેને લઈ સામાન્ય સભામાં ભારે હોબાળો મચી ગયો હતો.

# મોડાસા સારવાર કરાવવા આવેલ એકટીવા ચાલકની એક્ટિવા સીઝ કરી તેના ભાઈને માથામાં પાવડો ઝીંકી ઢોર માર માર્યો

**મેઘરજ રોલાના ઈદ્રીશ મકરાણીને કોટક ફાઇનાન્સના મેનેજર, સીઝર અને દસ- બાર લોકોએ માર મારતા દવાખાને સારવાર લેવી પડી**

મોડાસા, તા. ૧૯

અરવલ્લી જીલ્લામાં બાકી પડતી લોનના હપ્તાની વસુલાત અને વાહન રિકવર માટે રીતસરની ગુંડાગીરી થઈ રહી હોવાની બૂમો ઉઠી રહી છે. લોન રિકવરી કરવાનું કામ કરતા એજન્ટો ગ્રાહક કે સ્થાનિક પોલીસને કોઈપણ પ્રકારની જાણ કર્યા વિના તેમજ કાયદો હાથમાં લઈ વાહનો ઉઠાવી જતી હોવાની સાથે લોન ધારકને દમદાટી આપી રૂપિયા પણ ખંખેરતા હોવાની ચર્ચા વચ્ચે મેઘરજથી એક્ટિવા લઈ સારવાર કરાવવા આવેલ શખ્સની એક્ટિવા સાથે કોટક ફાઈનાન્સની ઓફિસે લઈ જતા હપ્તાની રકમ ભરવા પહોંચેલા એક્ટિવા માલિકના ભાઈને માર મારી માથામાં પાવડો ઝીંકતા એક્ટિવા ચાલક લોહીલુહાણ થતા માથાના ભાગે ત્રણ ટાંકા લેવા પડ્યા હતા એક્ટિવા ચાલકે સમગ્ર ઘટના અંગે મોડાસા ટાઉન પોલીસને અરજી આપી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર,મેઘરજ તાલુકાના રોલા ગામના ઈદ્રીશભાઈ ઈસ્માઈલ



ભાઈ મકરાણીના ભાઈ એક્ટિવા લઈ ગુરુવારે મોડાસામાં સવારે સારવાર અર્થે દવાખાને આવતા એક્ટિવાની લોનના હપ્તા કોટક ફાઈનાન્સમાં ચઢી જતા સિઝરે એક્ટિવા સાથે માલિકને ઓફિસ પર ફોટા પાડવા લઈ જવાનું હોવાનું જણાવી એક્ટિવા જપ્ત કરી લેતા તેમના ભાઈ હપ્તાની ૧૮ હજાર રૂપિયા રકમ ભરવા પહોંચ્યા હતા સીઝર લેટર માંગતા સીઝર લેટર નહીં આપતા આ અંગે બોલાચાલી થતા કોટક ફાયનાન્સના મેનેજર,સીઝર સહીત ૧૦ થી ૧૨ લોકોનું ટોળાએ ઈદ્રીશ મકરાણીને ઢોર માર મારી માથામાં પાવડાના હાથાનો માથામાં ઘા ઝીંકતા લોહીલુહાણ હાલતમાં સારવાર અર્થે ખસેડાતા માથાના ભાગે ત્રણ ટાંકા આવ્યા હતા અને હાથે ગંભીર ઈજા પહોંચતા કોટક ફાયનાન્સ મેનેજર અને સીઝરની ગૂંડાગર્દીનો ભોગ બનેલા ઈદ્રીશ ભાઈએ ટાઉન પોલીસ સ્ટેશનમાં અરજી આપી કાયદેસરની કાર્યવાહી કરવા માંગ કરી હતી

# પ્રાંતિજની સંસ્કાર વિદ્યાલય ખાતે બાળકો દ્વારા શાકભાજી-ફ્રૂટના વેપાર મેળા સાથે વિજ્ઞાન મેળો યોજાયો








પ્રાંતિજ તા.૧૯

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજની સંસ્કાર વિધાલય સંકુલમાં શાળાના વિધાર્થીઓ દ્વારા ફ્રૂટ તથા શાકભાજી વેપાર મેળા સાથે વિજ્ઞાનમેળો યોજાયો હતો.જેમા મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. પ્રાંતિજની વર્ષો જુની સંસ્થા સુન્ની મુસ્લિમ વ્હોરા એજ્યુકેશન એન્ડ વેલફેર સોસાયટી દ્વારા સંસ્કાર વિધાલય ચલાવવામાં આવે છે. જેના કેમ્પસમાં આજે ધોરણ ૧ થી ૧૦ના વિધાર્થીઓએ જુદીજુદી શાકભાજી તથા ફ્રૂટના સ્ટોલ લગાવ્યાં હતાં.તે તમામ સ્ટોલ ઉપર શાળાના બાળકો જ વેપાર કરતાં જોવા મળ્યા હતા તે સ્ટોલો ઉપરથી વાલી/વાલેદાઓ હોંશે હોંશે ખરીદી કરતા જોવા મળ્યા હતા તો સ્કૂલના હોલમાં બાળકોએ માઈક્રોસ્કોપ, સોલાર પાવર, જ્વાળામુખી, હૃદય પંપ, એ.ટી.એમ., સૌરમંડળ, સેન્સર સ્ટ્રીટ લાઈટ જેવાં પ્રોજેકટ બનાવ્યા હતા જે નિહાળી સૌ મુલાકાતી ભાઈ - બહેનો પ્રભાવિત થયા હતાં તથા બાળકોના કૌશલ્યને બિરદાવતાં જોવા મળ્યા હતા તો વાલી - વાલેદાઓ તથા નગરની માં- બહેનોએ નાના બાળકો પાસેથી ફળ તથા શાકભાજી ખરીદી તેઓને પ્રોત્સાહિત કર્યા હતા આ વેપાર મેળો તથા વિજ્ઞાન મેળાના કાર્યક્રમને સફળ બનાવવા શાળાના આચાર્ય, સાયન્સ ટીચર્સ સહિત તમામ સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી વાલીઓ તથા શાળા સંચાલક મંડળે સમગ્ર કામગીરીને બિરદાવી હતી



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ શેઠ.પી.એન્ડરઆર હાઈસ્કુલ ખાતે ધોરણ-૧૦ અને ૧૨ ના વિધાર્થીઓનો શુભેચ્છા સમારંભ યોજાયો. પ્રાંતિજ નગરપાલિકા સંચાલિત શેઠ.પીએન્ડ આર હાઈસ્કુલ ખાતે ધોરણ-૧૦અને ૧૨મા અભ્યાસ કરતા વિધાર્થીઓને આગામી બોર્ડ ની પરીક્ષા ને લઈ ને શાળા પરિવાર દ્વારા શુભેચ્છા સમારંભ નુ આયોજન કરવામા આવ્યુ હતુ જેમા વિધાર્થીઓને બોર્ડ ની પરીક્ષા નિમિત્તે શાળા પરિવાર દ્વારા શુભેચ્છાઓ શુભકામનાઓ સાથે માર્ગ દર્શન પુરૂ પાડવામા આવ્યુ હતુ તો આ પ્રસંગે પ્રાંતિજ નગરપાલિકા પ્રમુખ દિપકભાઈ કડીયા, આચાર્ય ડૉ.પી.ડી.પટેલ, શાળા ના શિક્ષિકા રૂપલબેન પટેલ , તેજલબેન પટેલ તથા મીઠાભાઈ પટેલ સહિત શાળા ના શિક્ષકો વિધાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રાંતિજના દલપુર પાસે વરરાજાની કારને અકસ્માત નડયો

પ્રાંતિજ તા.૧૯

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના દલપુર પાસે વરરાજાની કાર ને અકસ્માત નડયો હતો જેમા પાછળથી આવતી કાર ચાલકે આગળજતી વરરાજાની કાર ને ટક્કર મારતા વરરાજા ની કાર પલ્ટીખાઈ ગઈ હતી.

અમદાવાદ-હિંમતનગર નેશનલ હાઈવેઆઠ પ્રાંતિજ ના દલપુર પાસે આવેલ ૐ ના પેટ્રોલપંપ પાસે અમદાવાદ તરફ થી હિંમતનગર બાજુ જતી વરરાજાની કાર ને પાછળથી આવતી કાર ચાલક ફુલફાસ્ટ હંકારી લાવી આગળ જઈ રહેલ વરરાજા ની કાર ને ટક્કર મારતા આગળ જતી વરરાજાની કાર પલ્ટીખાઈ ગઈ હતી તો અકસ્માત ને લઈ ને આજુબાજુમાંથી લોકો દોડી આવ્યા હતા તો કારમા સવાર વરરાજા સહિત કારમા સવાર અન્ય લોકોને ઈજાઓ પોહચી હતી તો વરરાજા સહિત ઈજાગ્રસ્તોને હિંમતનગર ખાતે તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામા આવ્યા હતા તો અકસ્માત ની સમગ્ર ધટના પાસે આવેલ ૐ ના પેટ્રોલપંપ ઉપર લાગેલ સીસીટીવી કેમેરા માં કેન્દ્ર થઈ હતી તો સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ વરરાજા અમદાવાદ થી ઈડર ખાતે પરણવા માટે જઈ રહ્યા હતા અને તે દરમ્યાન તેવોના સર્કલ નીજ આવતી કાર કાર ચાલક ફુલફાસ્ટ હંકારી લાવી સ્ટેરીંગ ઉપર થી કાબુ ગુમાવતા આગળ જતી વરરાજાની કાર સાથે અકસ્માત સર્જ્યો હતો તો અકસ્માત મા બન્ને કાર નો કુચડો થઈ ગયો હતો.




